# JEE એડવાન્સ ક્લિયર કરનાર સ્ટુડન્ટ્સ માટે

# IIT-Gn યોજશે 'ઓપન હાઉસ'

સિટી રિપોર્ટર @ahm_cb

IITની વિવિધ બ્રાન્ચો અને તેની શિક્ષણ પ્રદ્ધતિ વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવા માટે આઈઆઈટી ગાંધીનગર પાલજ કેમ્પસ ખાતે 3 જૂને 'ઓપન હાઉસ'નું આયોજન કરાયું છે. જેમાં જેઈઈ એડવાન્સ ક્લિયર કરનારા વિદ્યાર્થીઓને આઈઆઈટી ગાંધીનગર કેમ્પસ, આઈઆઈટીમાં બી.ટેકમાં ઓફર થતા વિવિધ કોર્સ વિશે માહિતી અપાશે. આઈઆઈટી ગાંધીનગરમાં એકેડમિક પ્રોગ્રામ, ઈન્સ્ટિટ્યુટ ઈન્ફાસ્ટ્રક્ચર, ઈનોવેશન ઈન અન્ડર ગ્રેજ્યુએટ કરિક્યુલમ અને કેરિયરની તકો જેવા વિષયો પર સ્ટુડન્ટ્સને થતા પ્રશ્નોના જવાબ આઈઆઈટી સ્ટુડન્ટસ, આઈઆઈટી પ્રોફેસર અને આઈઆઈટી-જીએનના ડિરેક્ટર દ્વારા અપાશે. જેમાં ભાગ લેવા માટે IIT ગાંધીનગરની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

edu talk